# India delivers 6 tons of medical assistance to Afghanistan

**June 30, 2022**

---

# ભારત અફઘાનિસ્તાનને 6 ટન તબીબી સહાયતા પહોંચાડે છે

30 જૂન, 2022

ભારત દ્વારા આજે ભારતની ચાલું માનવીય સહાયતાનાં ભાગરૂપે, અફઘાનિસ્તાનને 6 ટન અતિ મહત્વપૂર્ણ દવાઓ સમાવતી તબીબી સહાયતાની સાતમી બેચ પહોંચાડી હતી. તેને કાબુલમાં સ્થિત ઇન્દિરા ગાંધી હોસ્પિટલમાં સોંપવામાં આવી હતી.

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અફઘાનિસ્તાનનાં લોકોને સહાય કરવા માટે કરવામાં આવેલી તાત્કાલીક અપીલને દ્રષ્ટિમાં રાખતા, ભારત દ્વારા અત્યાર સુધીમાં સાત બેચમાં 20 ટન તબીબી સહાયતા પહોંચાડી છે, જેમાં અતિ મહત્વપૂર્ણ જીવન બચાવનારી ગવાઓ, એન્ટિ-ટીબી દવાઓ, 500,000 ડોઝ કોવિડ રસી વગેરેનો સમાવેશ થાય છે. આ તબીબી માલસામાનની ફેરીઓ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને કાબુલ સ્થિત ઇન્દિરા ગાંધી ચિલ્ડ્રન હોસ્પિટલને સોંપવામાં વી છે.

3. અફઘાનિસ્તાનમાં અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ભારત દ્વારા 35,000 મેટ્રિક ટન ઘઉં ની અન્ન સહાયતા પ્રદાન કરવામાં આવી છે. વધુમાં, તાજેતરનાં દુઃખદ ભૂકંપ આવવા પર, પ્રથમ પ્રતિભાવક તરીકે ભારત દ્વારા બે રાહત ઉડાનોમાં લગભગ 28 ટન ભૂકંપ રાહત સહાયતા પૂરી પાડવામાં આવી છે. આ રાહત સામગ્રીઓ યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફૉર કોઓર્ડિનેશન ઑફ હ્યુમેનિટેરીયન અફેર્સ (UNOCHA), યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) અને અફઘાન રેડ ક્રેસેન્ટ સોસાયટી (ARCS) ને સોંપવામાં આવી હતી. વધુમાં, જમીન પરની સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ સાથે સંકલનમાં ભારત અફઘાનિસ્તાનમાં વધુ તબીબી અને ઘઉં સહાયતા મોકલવાની પ્રક્રિયામાં છે.

**નવી દિલ્હી**
**30 જૂન 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.